## વાત ગાંધીનગરની

રાફેલ, નવી શિક્ષણ નિતી, અનલોક-૩ અને કોરોનાના મુદ્દાઓથી સરકાર અને સરકાર બહાર ગાંધીનગરનો ગુરૂવાર છલોછલ રહ્યો. પણ આ બધાની વચ્ચે છેલ્લા બે દિવસમાં ગાંધીનગરની સ્થિતિ પણ ચર્ચામાં અગ્રસ્થાને હતી. રોજના ૫૦-૫૦ કેસે ગાંધીનગરાઓની ઉંઘ હરામ કરી દીધી. જેની સીધી અસર શહેરના જનજીવન ઉપર દેખાઈ આવે છે.

**અનલોક-૩ અપેક્ષાઓમાં ઉણું ઉતર્યુ**

ગઈકાલે કેન્દ્ર સરકારની જાહેરાત બાદ આજે સવારે રાજ્ય સરકારે પણ અનલોક-૩ ની ગાઈડલાઈન જાહેર કરી. જેમાં દુકાનો રાતના ૮ વાગ્યા સુધી અને હોટલ રેસ્ટોરન્ટ રાતના ૧૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છુટ અપાઈ છે જ્યારે જીમ અને યોગસેન્ટરને ૫ મીથી શરૂ કરવા મુક્તિ અપાશે. આમ છતાં હોટલ માલિકો ઈચ્છે છે કે રાતે ૧૨ વાગ્યા સુધી રેસ્ટોરન્ટ ચાલુ રખાય તો અમારો વ્યવસાય ચાલે અને થિયેટર સંચાલકો ભારે નિરાશ થયા છે. મેળા મહોત્સવો ઉપર પૂર્ણવિરામ મુકાયું છે. આમ અનલોક-૩ પાસે ઘણીબધી અપેક્ષાઓ હતી પરંતુ ન સંતોષાતા ગણગણાટ છે.

**ટેસ્ટીંગ વધારો ગુજરાત બચાવો**

રાજ્યમાં વધતા જતાં કોરોના સંક્રમણ સામે અસરકારક પગલાંની રજુઆત કરતો કડક પત્ર કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને સાંસદ અહેમદ પટેલે મુખ્યમંત્રીને આજે પાઠવ્યો છે. જેમાં મુખ્યત્વે સરકારી આંકડા અને વાસ્તવિક આંકડા વચ્ચેની વિસંગતતા દૂર કરવા માંગણી કરી છે અને ટેસ્ટીંગનું પ્રમાણ ગુજરાતની વસ્તીના પ્રમાણમાં ખુબ જ ઓછુ હોવાથી યુદ્ધના ધોરણે ગુજરાતમાં કોરોના પોઝીટીવના ટેસ્ટ થવા જોઈએ. ટેસ્ટીંગ વધારી ગુજરાતને બચાવી લેવું જોઈએ.

**ભાજપના પ્રદેશ માળખામાં ગાંધીનગરમાંથી કોણ**

ગુજરાત ભાજપના નવા નક્કોર પ્રમુખ સી.આર. પાટીલ છેલ્લા ત્રણ દિવસથી પોતાની ટીમ બનાવવા સરકીટહાઉસમાં બેસી રાત-દિવસ કવાયત કરે છે. અલગ અલગ જિલ્લા અને અલગ અલગ મોરચાના અગ્રણીઓ સાથે વન ટૂ વન ચર્ચાઓ કરે છે ત્યારે ગાંધીનગર ભાજપમાં ગુપસુપ ચાલે છે કે ગાંધીનગરમાંથી પ્રદેશ ટીમમાં કોણ હશે..? ચર્ચાઓ રસપ્રદ છે. હાલ તો પુનમભાઈ મકવાણા, અશોકભાઈ ભાવસાર, આશિષ દવે અને મહેન્દ્રસિંહ રાણાના નામ ઉપસી રહ્યા છે પરંતુ આ તો ભાજપ છે, કોઈની કોઈ આગાહી સાચી પડી નથી અને પડે એમ નથી..!

**સરકારી કચેરીઓમાં સેનેટાઈઝેશન**

ગાંધીનગરની સરકારી કચેરીઓ ફુલ સ્ટાફ સાથે શરૂ થયે બે માસ જેટલો સમય થયો છે. પરંતુ છેલ્લા ૧૫-૨૦ દિવસમાં સરકારી કચેરીઓમાં કોરોનાના કેસોનું સંક્રમણ વધી ગયુ છે. સરકારી કર્મચારીઓ-અધિકારીઓમાં કોરોનાના કેસ વધતા તંત્ર સફાળુ જાગ્યુ છે અને સંક્રમણને અટકાવવા એક પછી એક પગલા લેવાઈ રહ્યાં છે. સચિવાલયના દરેક બ્લોક પાસે ટેમ્પરેચર ગન સાથે સિક્યોરીટી બેસાડવાની સાથે એકે એક કચેરીનું સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. એકે એક કેબીન પણ સેનેટાઈઝ કરાઈ હતી.

**'અર્ક' આજનો...**

પોતાનો પડછાયો નિર્માણ કરવા પોતેજ તડકામાં ઉભા રહેવુ પડે છે.

# શહેરમાં ગગનભેદી વિજકડાકા સાથે વરસાદી ઝાપટુ

**શહેરમાં સાંજે આકાશ ગાજ્યુ : દિવસના ઉકળાટ બાદ સાંજે હળવી ઠંડક પ્રસરી : આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના**





### શહેર-તાલુકામાં ૧૭ મી.મી. વરસાદ

ગાંધીનગર શહેર અને તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ દરમ્યાન ૧૭ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

જો કે જિલ્લાના અન્ય તાલુકાઓ આજે મોડી સાંજ સુધી કોરા ધાકોર રહ્યા હતા. ગાંધીનગર તાલુકામાં આજે બપોરના સમયે આકરી ગરમી બાદ સાંજે વરસાદ નોંધાયો હતો.

શહેરમાં ઓફિસો છુટવાના સમયે થયેલ વરસાદને કારણે ઘણા બધા કર્મયોગીઓએ તેને મનભરીને માણ્યો હતો. આ વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી પરંતુ ઉકળાટ ઓછો થયો ન હતો.

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદે વિરામ લીધો છે. વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. આજે સાંજે વાતાવરણમા અચાનક જ નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે પવનના સુસવાટા અને ગગનભેદી વિજકડાકા વચ્ચે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ જો કે વરસાદ ભીંજારો કરી અદ્રશ્ય થઈ ગયો હતો. વાતાવરણ પલ્ટાના લીધે ઠંડક પ્રસરી હતી.

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધો છે. જયારે વરસાદી સાંજ રોજ નિખરે છે. અલબત્ત વરસાદે સાંજનો સમય ફિકસ કરી લીધો હોય તેમ સ્પષ્ટ થઈ રહ્યુ છે. રોજબરોજ સાંજ ઢળતા વરસાદી વાદળો ઘેરાય છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે બે ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધા બાદ આજે સાંજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સાંજના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે વિજળીના કડાકા સાથે સુસવાટા મારતો પવન શરૂ થયો હતો. સુસવાટા મારતા પવન વચ્ચે ગગનભેદી વિજકડાકા કાને અથડાતા નગરજનો બે ઘડી ડઘાઈ ગયા હતા. વરસાદના હળવા ઝાપટાથી નગરમા ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે વાદળ ગર્જના અને વિજકડાકા વચ્ચે સુસવાટા મારતો પવન ફુંકાવાની સાથે રીમઝીમ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં અસહ્ય ગરમી અને ઉકળાટનો અહેસાસ કરતા નગરજનો વરસાદ મનમુકીને વરસે તેવી આશ સેવી રહ્યા છે. શહેરમાં મોડી સાંજે વાતાવરણ પલ્ટાના લીધે ઠંડક પ્રસરતા નગરજનો મોસમનો નઝારો નિહાળવા માટે બહાર ટહેલવા નિકળ્યા હતા. આકાશમાં મોડી સાંજે પણ વરસાદી વાદળો

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગર યોજના ભવનમાં સેનેટાઇઝ ટનલ બંધ : કર્મચારીઓમાં આક્રોશ

**કચેરીઓ શરૂ થઇ ત્યારથી ટનલ મુકાઇ પરંતુ લાંબા સમયથી બિન ઉપયોગી : બંધ ટનલને કાર્યરત કરવા કર્મચારીઓની માંગણી**

ગાંધીનગર તા ૩૦

શહેરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારની સાથે સેકટરોમાં પણ કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. આવા સંજોગોમાં નગરમાં કાર્યરત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ બહાર ગામથી આવતા મુલાકાતીઓ સહીત કર્મચારીઓની વિશેષ અવરજવર જોવા મળી રહી છે. ત્યારે પાટનગર યોજના ભવનમાં પણ વિવિધ ડીવીઝનલ કચેરીઓ કાર્યરત છે. ત્યારે લાંબા સમયથી ભવનના પ્રવેશદ્વાર પાસે મુકવામાં આવેલ સેનેટાઈઝ ટનલ બંધ હાલતમાં છે. આ ટનલ કાર્યરત થાય તેવો સુર પણ કર્મચારીઓમાં ઉઠવા પામ્યો છે.

શહેરમાં કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. જયારે કોરોનાનુ વધતુ સંક્રમણ અટકાવવા માટે માસ્ક ફરજિયાત પહેરવા સહીત સોશિયલ ડીસ્ટન્સીંગનુ કડક પાલન કરવા માટે પણ સરકાર દ્વારા સમયાંતરે જરૂરી સુચના આપવામાં આવે છે. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રોજ વધુને વધુ કોરોના કેસ આવતા આરોગ્ય તંત્ર સહીત સરકારની ચિંતા ઘેરી બની છે. નગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ પણ કાર્યરત છે. લોકડાઉનના પ્રારંભિક તબક્કામાં દુકાનો સહીત વેપાર ધંધા અને

● અનુસંધાન પાન-૭ પર

## સિવિલના જનરલ સર્જન ડૉ. જયદીપ ગઢવી અને પરિવારને કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મેડીકલ કોલેજના એસોસીએટ પ્રોફેસર અને ગાંધીનગર સિવિલના સર્જન ડૉ. જયદીપ ગઢવી, પત્ની નેહલ ગઢવી અને પુત્ર પરમ ગઢવીને કોરોના પોઝીટીવ આવતા અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્રણેયની તેમની તબીયત સ્થિર છે.

ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં ડૉ. ગઢવીએ જણાવ્યુ હતુ કે કોવીડ હોસ્પિટલની મોનીટરીંગ ટીમના સભ્ય હોવાથી રાજ્યની અનેક હોસ્પિટલોમાં સંખ્યાબંધ દર્દીઓના સંપર્કમાં આવવાના કારણે કોરોના વાયરસના લક્ષણો મંગળવારે રાત્રે જણાતા તાત્કાલિક મે ટેસ્ટ કરાવ્યો હતો. મને સામાન્ય તાવ હતો. પરંતુ તકેદારીના ભાગરૂપે મે અને મારા દિકરાએ ટેસ્ટ કરાવતા રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જ્યારે નેહલ ગઢવીને બુધવારે સાંજે ફરીથી ટેસ્ટ કરતા રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. નેહલ ગઢવી ગાંધીનગર સમાચારના કટાર લેખિકા છે અને આકાશવાણીના આર.જે. તરીકે લોકપ્રિય છે. પરિવારને હોમ ક્વોરોન્ટાઈન કરાયા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૫ કેસ

**છેલ્લા બે દિવસમાં ૬૭ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા : આજે સારવાર દરમ્યાન વધુ ૧ નું મોત : ગાંધીનગર તાલુકામાં ૧૭, દહેગામ-૧, કલોલમાં પાંચ અને માણસામાં બે કેસ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૫ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન માણસાના એક મહિલા દર્દીનું અવસાન થયુ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૭૨ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક જે વધી રહ્યો છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે ૪૪ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ છે. તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે તેમજ ટેસ્ટીંગમાં પણ વધારો કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં ૪૨૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૧૭, દહેગામમાં ૧, માણસામાં બે અને કલોલમાં વધુ પાંચ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧ હજારના આંકને પાર કરી લીધી છે. તંત્રએ હવે તેની કામગીરીના અસરકારક મોનીટરીંગ સાથે જિલ્લાના અધિકારીઓને પણ કામગીરીમાં માર્ગદર્શન આપવા સતત ફિલ્ડમાં રહેવા માટે તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ઉવારસદ ગામેથી ૩ કેસ મળ્યા છે જેમાં ૧ મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. ઉવારસદમાંથી એક ૬૬ વર્ષીય પુરૂષ, ૪૬ વર્ષીય પુરૂષ અને ૭૦ વર્ષની મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે.

તાલુકામાં હોટસ્પોટ બની ચુકેલા કુડાસણમાં આજે એક સાથે ૩ કેસ મળ્યા છે. જેમાં પણ એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. ૨૫ વર્ષીય મહિલા ઉપરાંત ૩૫ વર્ષનો પુરૂષ અને ૭૦ વર્ષના એક વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આવા જ બીજા હોટસ્પોટ ગણાતા પેથાપુરમાંથી આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. ૪૪ વર્ષીય મહિલા અને ૫૨ વર્ષીય મહિલા ઉપરાંત ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા અને હોટસ્પોટ ગણાતા વાવોલમાંથી આજે ૩ પુરૂષ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. વાવોલમાંથી એક ૨૪ વર્ષીય પુરૂષ, ૩૩ વર્ષીય પુરૂષ અને ૭૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મીલેટ્રી સ્ટેશન આલમપુરમાંથી પણ એક ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત જલુંદ ગામેથી ૩૦ વર્ષીય પુરૂષ, અડાલજમાંથી એક ૨૬ વર્ષીય મહિલા, ઝુંડાલમાંથી ૪૫ વર્ષીય પુરૂષ અને શેરથામાંથી ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકાના ઝિંડવા ગામેથી એક ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ નોંધાયા છે. ઈશ્વરપુરા ગામેથી એક ૭૬ વર્ષીય વૃદ્ધ તેમજ ચરાડામાંથી એક ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલના ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ અને અર્બનમાંથી બે મળી આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. મળતી વિગતો પ્રમાણે કલોલના બોરીસણામાંથી એક ૫૮ વર્ષીય પુરૂષ, ધાનોટ ગામેથી એક ૪૦ વર્ષીય મહિલા અને મોટી ભોંયણ ગામેથી એક ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ માંથી ૪૭ વર્ષીય પુરૂષ અને અર્બન-૨

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧૨ કેસ અને વધુ એક દર્દીનું મોત

**આજે નોંધાયેલ કેસોમાં ત્રણ દંપત્તિ, બેંક કલાર્ક, માનવ અધિકાર પંચનો કર્મયોગી તેમજ વિદ્યુત સહાયકનો સમાવેશ : સે. ૧ માં ૧ કેસ, સે. ૨ માં ૩ કેસ, સે. ૫ માં ૨ કેસ, સે. ૨૫ માં ૨ કેસ તેમજ સે. ૮, સે. ૨૭, જી.ઈ.બી. કોલોનીમાં ૧-૧ કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના વધુ ૧૨ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૭૨ પર પહોંચી છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન આજે વધુ એક દર્દીનું મૃત્યુ થયુ છે. મળતી વિગતો પ્રમાણે સે. ૭ ના એક ૬૨ વર્ષીય દર્દીનું ગઈકાલે મોડી રાત્રે અવસાન થયુ છે. આ સાથે શહેરમાં મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૬ પર પહોંચી છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી શહેરમાં નોંધાયેલા દર્દીઓના સારવાર દરમ્યાન મોતની ઘટનાથી તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં પણ કેસોની સંખ્યા વધતાં વધારો થવા પામ્યો છે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ તેમજ ક્વોરોન્ટાઈન કરેલ પરિવારો દ્વારા તેનુ પાલન થાય છે કે નહિ તે માટે પણ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. મનપાએ કોરોનાના સંક્રમણને લઈ ૫૦ થી વધુ આઉટ સોર્સિંગથી કર્મચારીઓની ભરતી પણ સરકારની સૂચનાને પગલે લઈ કરી છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૧૭૫ સુધી પહોંચી ગઈ છે. શહેરના સે. ૨૫, સે. ૮, સે. ૧ તેમજ સે. ૨ માં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

શહેરમાં હાલ ૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૪૯૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ધન્વન્તરી રથ થકી ૫૦ હજારથી વધુ લોકોના આરોગ્યની ચકાસણી પણ સંપન્ન કરી દેવાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


## મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં સંગઠ્ઠનનું દબાણ વધ્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠક ગણતરીની મિનિટોમાં જ પૂર્ણ થઈ ગઈ હતી. એજન્ડામાં દર્શાવાયેલા બન્ને કામોને સ્થાયી સમિતિએ મંજૂરી આપી દીધી છે.

પ્રભારી મંત્રી સાથેની બેઠક બાદ સ્થાયી સમિતિની કામગીરી પર સંગઠ્ઠન પાંખનું દબાણ વધતુ જાય છે અને જે રીતે કામોને બહાલી આપવામાં આવી રહી છે તેને લઈ રાજકીય વર્તુળોમાં પણ અનેક તર્ક-વિતર્ક સાથે ચર્ચાનું સ્થાન લીધુ છે.

સંકલન સમિતિની ગઈકાલે જ બેઠક મળી હતી અને તેમાં આ બન્ને કામો મંજૂર કરવા અંગેની સૂચનાઓ અપાઈ હોવાનું જાણવા મળેલ છે. આ પછી હવે પછી સંકલન સમિતિની બેઠક ૧૫ મી ઓગષ્ટ ફરી મળશે તેમ મનાઈ રહ્યું છે.

સંગઠ્ઠન પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સમજૂતી ઉભી થઈ ગઈ પરંતુ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે સમજૂતી હજુ સુધી થઈ હોય તેવુ જણાતુ નથી. આજે પણ સતત સાતમી બેઠકમાં કમિશનરે હાજરી આપવાનું ટાળ્યુ હતુ.


**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com